**Title**: IITGN Help City Police in Rathyatra

**Source**: Sandesh Newspaper

**Date**: 27/05/2017

## IIT વિકસાવશે ક્રાઉડ મોશન એનાલિસિસ સિસ્ટમ

# IITGn રથયાત્રાને કંટ્રોલ કરવા સિટી પોલીસને મદદ કરશે

### આઇ.આઇ.ટી દ્વારા વિકસાવવામાં આવનાર ક્રાઉડ મોશન એનાલિસિસ સિસ્ટમને આ વર્ષે હાફ ઇમ્પ્લિમેન્ટ કરવામાં આવશે

અમદાવાદ : દર વર્ષે રથયાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા રથની સાથે સમગ્ર રથયાત્રામાં ચાપતો બંદોબસ્ત કરવામાં આવે છે. હજારોની સંખ્યામાં પોલીસ જવાનોને ડ્યૂટી પર લગાવવામાં આવે છે. અમદાવાદની શાન રથયાત્રામાં કોઈ પણ વ્યક્તિ દ્વારા કોઈપણ પ્રકારનું ગુનાઈત કાવતરું ન થાય તે માટે રથયાત્રાના ઘણા દિવસો પહેલાથી જ પોલીસ કામ કરતાં થઈ જાય છે. દર વર્ષે હજારોની સંખ્યામાં મેન પાવરની સાથે ઘણા પૈસા પણ આ સુરક્ષા પાછળ લગાવવામાં આવે છે. સાથે જ સમગ્ર દિવસ દરમિયાન ડ્યૂટી કરતા પોલીસ જવાનોની હાલત પણ સાંજ પડતા ખરાબ થઈ જાય છે. છેલ્લા થોડા વર્ષોથી વિવિધ સ્થળો પર પોલીસ બંદોબસ્તની સાથે સી.સી.ટી.વી. કેમેરા પણ ગોઠવવામાં આવે છે. કંટ્રોલરૂમથી તેના પર ખાસ નજર રાખવામાં આવે છે. પરંતુ આ વર્ષે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગર પણ આ સુરક્ષામાં જોડાશે. આઈઆઈટી દ્વારા ટૂંક સમયમાં ક્રાઉડ મોશન એનાલિસિસ ટેક્નોલોજીનો વિકાસ કરશે. જેના દ્વારા સમગ્ર રથયાત્રા પર નજર રાખશે. આ માટે કોઈ વ્યક્તિએ સીસીટીવી જોવાની જરૂર રહેશે નહીં. આ ટેક્નોલોજી દ્વારા ક્રાઉડમાં જો કોઈ થ્રેટ જોવા મળશે તો તેનો મેસેજ તે ઓટોમેટિક કંટ્રોલ રૂમને મોકલશે. સાથે જ રથયાત્રા દરમિયાન કોઈ વ્યક્તિ મિસબિહેવ કરે અથવા રથયાત્રામાં અડચણ નાખવાનાં પ્રયાસ કરશે તો તરત જ આ કમ્પ્યૂટર વિઝન દ્વારા પોલીસ કંટ્રોલરૂમને માહિતી મળશે. સાથે જ લોકોનો ફ્લો કઈ તરફ જઈ રહ્યો છે માટે કમ્પ્યૂટર વિઝન આવનારા સમયમાં તૈયાર કરશે.



### આ રીતે કામ કરશે અલ્ગોરિધમ

અલ્ગોરિથમ ગૂગલ મેપમાં એક ટ્રેક બનાવવામાં આવેલ છે. જે લોકોની ચાલવાની પેટર્ન ઓળખી બતાવવાની સાથે કોઇ અણબનાવ ન બને તેની તકેદારી રાખી તમામ ડેટા પોલીસ કંટ્રોલરૂમને મોકલશે જેથી કંટ્રોલરૂમ તરત એક્શન લઇ શકશે. આ તમામ કામગીરીને કમ્પ્યૂટર વિજન સિસ્ટમ દ્વારા ડિટેક્ટ કરાશે.

### આ વર્ષે સિસ્ટમને હાફ ઇમ્પ્લિમેન્ટ કરાશે

રથયાત્રામાં દર વર્ષે રથની સાથે અસંખ્ય ભક્તોની ભીડ હોય છે. કોઇ અનિચ્છનીય બનાવ ન બને માટે ખાસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. હવે ક્રાઉડ મોશન એનાલિસિસ સિસ્ટમ દ્વારા દરેક માહિતી જાણી શકાશે. અત્યાર સુધી પોલીસની સાથે સી.સી.ટી.વી. કેમેરા પણ લગાવવામાં આવે છે. ત્યાં પણ પોલીસની હાજરી ફરજિયાત હોય છે. જ્યારે આ કમ્પ્યૂટર વિઝન એનાલિસિસ દ્વારા ક્રાઉડને મેનેજ કરવાની સાથે ક્રાઉડ કઇ દિશામાંથી કઇ દિશા તરફ જઇ રહ્યો છે તેમજ તેમાં કોઇ બળવાખોર તત્ત્વો તો નથી? જેનો ડેટા પોલીસ કંટ્રોલ રૂમને ટ્રાન્સફર કરશે. આ પ્રોજેક્ટ હાલ તેના ઇન્શિયલ તબક્કામાં છે. એટલે આ વર્ષે આ સિસ્ટમ હાફ ઇમ્પ્લિમેન્ટ કરાશે. જ્યારે આગામી વર્ષથી આ સિસ્ટમ સંપૂર્ણપણે રથયાત્રામાં મદદ કરશે.

-પ્રો. શનમુઘનાથન રામન, ફેકલ્ટી આઇ.આઇ.ટી. જીએન

### આઇઆઇટી પહેલાં પણ અમારી સાથે કામ કરી ચૂકી છે

આઇ.આઇ.ટી.ના સ્ટુડન્ટ્સ અગાઉ સિટી પોલીસ સાથે કામ કરી ચૂક્યા છે અને ત્યારે ટ્રાફિક કંટ્રોલ કરવા તૈયાર કરેલ સોફ્ટવેર દ્વારા ઘણી મદદ પોલીસને થઇ હતી. તેઓની સરાહનીય કામગીરીને લઇ અમે રક્ષાશક્તિ યુનિવર્સિટી થ્રુ આઇ.આઇ.ટી. માં રથયાત્રાને કંટ્રોલ કરવા અલ્ગોરિથમ સોફ્ટવેર તૈયાર કરવા અપ્રોચ કર્યો હતો. દર વર્ષે ભક્તોની ભીડ વધતી જાય છે. આટલી મોટી સંખ્યામાં જ્યારે લોકો ભેગા થતા હોય તો તે સમયે માત્ર મેનપાવર દ્વારા કામ કરી શકતું નથી. તેથી અનિચ્છનીય બનાવો અટકાવવા કમાન્ડ એન્ડ કંટ્રોલ સિસ્ટમ ટૂંક સમયમાં તૈયાર થઇ જશે. જે આગામી રથ યાત્રામાં ઇમ્પ્લિમેન્ટ કરાશે.

- એ. કે. સિંહ , પોલીસ કમિશનર - અમદાવાદ